# મેડીકલ કોલેજ હસ્તક આવેલ કેન્ટીંન/મેસ ટેન્ડરની વિગત

ટેન્ડર ફોર્મ ફી રૂ.૫૦૦

ડીનશ્રીની કચેરી,
સરકારી મેડીકલ કોલેજ,
ભાવનગર.

પાર્ટીનું નામ :- ..............................................
સરનામું :- ....................................................
....................................................
ટેન્ડર ફોર્મ ફી રસીદ નં..........................
તારીખ :- ..........................

| |
|---|
| પેઢીના પ્રોપરાઇટરનો પાસપોર્ટ સાઇઝનો ફોટો અહિં ચોટાડવો. |

(૧) ટેન્ડર ફોર્મ ભરી પરત મોકલી આપવાની તારીખ : તા.૦૧/૦૩/૨૦૨૦ થી તા.૧૦/૦૩/૨૦૨૦

(૨) ટેન્ડરફોર્મ કચેરીની અનુકુળતાએ ખોલવામાં આવશે.

## મેડીકલ કોલેજ હસ્તક આવેલ કેન્ટીંન/મેસ ટેન્ડરની વિગત માટે મેસ કેન્ટીંન ચલાવવા કોન્ટ્રાક્ટ વર્ષ ૨૦૨૦ ની શરતો,

નીચે જણાવેલ શરતોને આધિન રહીને કેન્ટીન ચાલુ રાખવાની રહેશે.

(૧) ગુજરાત રાજ્ય સરકારશ્રીના કેન્ટીન ચલાવવા માટેના તમામ નિયમોનું પાલન કરવાનું રહેશે.

(૨) કેન્ટીન/મેસનું ટેન્ડર ભરનાર પાર્ટી જ કેન્ટીન ચલાવી શકશે. બીજા કોઇને પેટાભાડે આપી શકાશે નહી. જો કમિટીને લાગશે કે આપે પેટાભાડે આપેલ છે તો કમિટી પેટાભાડે આપ્યાના કોઇપણ દસ્તાવેજી પુરાવા વગર આપનો કેન્ટીન / મેસ કોન્ટ્રાક્ટ રદ કરી શકશે.

(૩) કેન્ટીન/મેસમાં તમામ પ્રકારની આઇટમોનાં ભાવ બોર્ડ ઉપર લખવાનાં રહેશે અને ભાવ વ્યાજબી રાખવાના રહેશે.

(૪) કેન્ટીન/મેસમાં તમામ પ્રકારની આઇટમો ઉચ્ચ ગુણવત્તા અને સારી ક્વોલીટી (એગમાર્ક ધરાવતી) વાળી રાખવાની રહેશે. આ અંગેનુ અત્રેથી સમયાંતરે નિરીક્ષણ કરવામાં આવશે.

(૫) કેન્ટીન/મેસમાં કોઇપણ જાતનું બાંધકામ કે સુધારો વધારો કરી શકાશે નહી તેમજ કોઇપણ પ્રકારાનું નુકશાન અને તોડફોડ થશે તો તેની સંપૂર્ણ જવાબદારી કોન્ટ્રાકટરના શીરે રહેશે અને તેની ભરપાઇ કરવાની રહેશે.

(૬) કેન્ટીનમાં મેડીકલ કોલેજ ના વિધાર્થીઓ તેમજ ટીચીંગ સ્ટાફ અને કર્મચારીઓ સીવાય અન્ય કોઈપણ બહારની વ્યક્તિને કેન્ટીનમા જમવાની તથા નાસ્તો કરવાની પરવાનગી આપવામાં આવશે નહી.સિવાય કે કોલેજના સભ્ય સાથે આવેલા અતિથિ કે ભલામણ સિવાય બીજા બહારની બીન અધીકૃત વ્યક્તિઓને છુટ આપી શકાશે નહી.

(૭) આ કોન્ટ્રાક્ટ સ્વીકાર કરનાર અરજદારે કેન્ટીન/મેસ સવારથી રાત્રે (સવારે - ૫.૦૦ વાગ્યાથી રાત્રે ૧૧-૦૦ વાગ્યા) સુધી ચાલુ રાખવાની રહેશે અને ત્યારબાદ કેન્ટીનનો રહેઠાણ માટે ઉપયોગ કરી શકાશે નહી.રાત્રે ૧૧.૦૦ વાગ્યા બાદ પરીક્ષા સમયે વિધાર્થીઓને ચા બીસ્કીટ મળી રહે તેવી વ્યવસ્થા કરવાની રહેશે.

(૮) કોન્ટ્રાક્ટ મંજુર થયે મુદત પહેલા કેન્ટીન/મેસ બંધ કરવા માંગતા હોય તો અગાઉથી ત્રણ (૩) માસની નોટીસ આપવાની રહેશે. અન્યથા તેમની ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે.

(૯) કોન્ટ્રાક્ટની મુદત પુરી થયે, કેન્ટીન/મેસ તુરંત જ ખાલી કરી આપવાની રહેશે, ત્યારબાદ જ ડીપોઝીટ પરત આપવામાં આવશે અને ડીપોઝીટ ઉપર કોઈપણ પ્રકારનુ વ્યાજ આપવામાં આવશે નહી.

(૧૦) રજી.એ.ડી./ સ્પીડપોસ્ટ થી આવેલા ટેન્ડરો જ માન્ય રાખવામા આવશે. રુબરુ જમા કરાવેલ ટેન્ડર માન્ય ગણવામાં આવશે નહી.

(૧૧) કેન્ટીન કોન્ટ્રાકટરે બાળ મજૂરોને કામે રાખી શકશે નહી. કેન્ટીનમાં કામ પર રાખેલ તમામ કામદારોની ઉંમર ૧૮ વર્ષથી ઉપર હોવી જોઇએ. કામદારોનું ઉંમર અંગેનુ પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(૧૨) જો કેન્ટીન/મેસ ચલાવવામાં અસંતોષ લાગશે તો તમોને કેન્ટીન/મેસ બંધ કરવા માટે ૭ દિવસ અગાઉ નોટીસ આપી કોન્ટ્રાકટ રદ કરવામાં આવશે.

(૧૩) કેન્ટીન/મેસનો તમામ કચરો મહાનગરપાલીકાની કચરા પેટીમાં અથવા નગરપાલીકાએ નક્કી કરેલ જગ્યાએ જ નાખવાનો રહેશે.

(૧૪) દરેક અઠવાડીયામાં એક વખત કેન્ટીન/મેસ ધોવાની રહેશે. (રવિવાર અથવા જાહેર રજાના દિવસે)

(૧૫) જો કોઇ દિવસ લાઇટને હિસાબે પાણી પુરવઠો બંધ રહેશે તો પાણીની વ્યવસ્થા કોન્ટ્રાકટરે પાણીના ટાકા મંગાવીને કરવાની રહેશે.

(૧૬) કેન્ટીન/મેસની સાફ સફાઇ માટે એસીડ,ફીનાઈલ,સાવરણી,સાવરણા કોન્ટ્રાકટરે પોતાના વાપરવાના રહેશે.

(૧૭) કેન્ટીન/મેસમાં સવારે ૫-૦૦ વાગેથી ચા અને ગરમ નાસ્તો,બપોરના ૧૨-૦૦ કલાકે થી ૨-૦૦ સુધી જમવાનું અને ૩-૦૦ કલાકેથી ચા અને ગરમ નાસ્તો તથા સાંજે ૭-૦૦ થી ૯-૩૦ સુધી જમવાનો સમય રાખવાનો રહેશે.

(૧૮) વિધાર્થીઓ ચા જયારે પણ માંગે ત્યારે ચા/નાસ્તો તાજા બનાવીને આપવાના રહેશે. સ્ટોક કરેલી ચા આપવી નહી

(૧૯) કેન્ટીન/મેસમાં કાર્ય કરતા દરેક કર્મચારી/કામદારોના ફોટોગ્રાફ તથા સરનામુ (આઇ.ડી. પ્રૂફ) અત્રે કચેરીને આપવાનું રહશે.

(૨૦) લેબરવેજીસ મુજબ રસોડા ખાતે કામદારોને વેજીસ માટે લેબરધારા હેઠળ કોન્ટ્રાકટ મેળવ્યેથી લેબર લાયસન્સ મેળવવાનું રહેશે. તેમજ ભાવનગર મહાનગરપાલીકા દ્વારા ફુડ એન્ડ ડ્રગ્સ કન્ટ્રોલ એડમીનીસ્ટ્રેશન ગુજરાત રાજયનું રજીસ્ટ્રેશન સર્ટીફીકેટ ખાધ્યસુરક્ષા અને ધોરણો અધિનિયમ ૨૦૦૬ માં નોંધણી / રજીસ્ટ્રેશન થયા અંગેનું પ્રમાણપત્ર રજુ કરનાર પેઢી/પાર્ટિને કેન્ટીનનું ટેન્ડર મંજુર

કરવામાં અગ્રતા આપવામાં આવશે. જેને વિશેષ લાયકાત તરીકે ગણવામા આવશે. તેમજ પેઢી/પાર્ટી ધ્વારા આગળ જે કોઇ સંસ્થામાં આવી કામગીરી કરી હોઈ તે અંગેનુ પ્રમાણપત્ર રજું કરવાનું રહેશે.

(૨૧) ઉક્ત શરતો પૈકી કોઈપણ શરતોનું ઉલ્લંઘન થશે તો શરતભંગ હેઠળ તાત્કાલીક ૨૪ કલાકની અંદર કેન્ટીન ખાલી કરવાની રહેશે. ટેન્ડર ની શરતો મુજબ ટેન્ડર મંજુર/નામંજુર કરવાના તમામ હક્કો ડીનશ્રી,મેડીકલ કોલેજ,ભાવનગર ને અબાધીત રહેશે.

(૨૨) આર.ટી.આઇ. ૨૦૦૫ કાયદા હેઠળ કોઈપણ ફરિયાદ મળશે અને તે પૂરવાર થશે તો તેને ગંભીરતા પુર્વક લેવામાં આવશે અને શરતભંગ માટે ડિપોઝીટ જપ્ત કરવામા આવશે.

(૨૩) કેન્ટીન/મેસમાં કામ કરતા દરેક કર્મચારીના હાથ અને પગના નખ નિયમીત કાપવાના રહેશે તેમજ હાથની ચામડીના તથા અન્ય કોઈપણ પ્રકારના ચામડીના રોગ હશે તો તેવા કર્મચારીઓને છુટા કરવાના રહેશે. કર્મચારીની યુરીન અને સ્ટુલની દર ત્રણ મહીને પેથોલોજીકલ તપાસ કરવાની રહેશે અને તેના રીપોર્ટમા કોઈપણ પ્રકારના બેક્ટેરીયા માલુમ પડશે તો તેવા કર્મચારીને દુર કરવાના રહેશે. દરેક કર્મચારીઓનુ મેડીકલ ચેકઅપ કરાવવાનુ રહેશે અને રીપોર્ટની એક કોપી કોલેજના સ્ટૉર વિભાગમા નિયમિત ધોરણેથી જમા કરાવવાની રહેશે.

(૨૪) ટેન્ડર ભરનાર પેઢીએ ઇ.એમ.ડી. પેટે ₹ ૭૫,૦૦૦/ - નો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડીમાન્ડ ડ્રાફ્ટ (ડી.ડી) તથા ટેન્ડર ફોર્મ ફી પેટે ₹ ૫૦૦/-(Non Refundable) નો રાષ્ટ્રીયકૃત બેન્કનો ડીમાન્ડ ડ્રાફ્ટ (ડી.ડી) જોડવાના રહેશે. ઉપરોક્ત બન્ને ડીમાન્ડ ડ્રાફ્ટ "ડીન, મેડીકલ કોલેજ, ભાવનગર" ના નામના ટેન્ડર ફોર્મ સાથે અલગ અલગ રજુ કરવાના રહેશે અન્યથા ટેન્ડર ધ્યાને લેવામા આવશે નહી.

(૨૫) કેન્ટીન કોન્ટ્રાકટરને તમામ વસ્તુઓ તાજી બનાવી આપવાની રહેશે. વાસી ખાવાનુ રાખી ન મુકતા યોગ્ય નીકાલ કરવાનો રહેશે.

(૨૬) દર અઠવાડિયાનું જમવાનું મેનું પહેલેથી જ પ્રસ્તુત કરવાનું રહેશે. દરરોજ એક વસ્તુ ઉપવાસમાં ખાવા લાયક બનાવવાની રહેશે.

(૨૭) કેન્ટીન/મેસના ભાડા પેટે પુરા ૧૨ માસના એડ્વાન્સ ચેક જમા કરાવવાના રહેશે. ચેક બાઉન્સ થયેથી કાયદાકીય કાર્યવાહી કરવામા આવશે.

(૨૮) દરેક કેન્ટીન કર્મચારી/કામદારોને ગણવેશ ઓળખપત્ર સાથે તથા બુટ પહેરવા પડ્શે આ ઉપરાત ખાવાનુ પીરસનાર કર્મચારી/કામદારે કેપ અને ગ્લોઝ પહેરવાના રહેશે. સફાઈ કરનાર કર્મચારી ખાવાનુ પીરસી શકશે નહી.

(૨૯) કેન્ટીનમા કામ કરતા દરેક કર્મચારી/કામદારનુ પોલીસ વેરીફીકેશન કરાવવાનુ રહેશે.

(૩૦) કેંન્ટીનમા કામ પર રાખેલ દરેક કર્મચારી/કામદાર કોઇપણ સજોગોમા કેમ્પસમા કે અન્ય કોઈપણ સ્થળે નશીલા પદાર્થો તમાકુ, બીડી, કે કોઇપણ વ્યસનનુ સેવન કરી શકશે નહી કે કોઈપણ કેફી દ્રવ્યોનું સેવન કરી શકશે નહી. તેમજ હાનીકારક પીણા વેચી શકશે નહી.

(૩૧) કેંન્ટીનમાંથી નીકળતા એઠવાડ અને અન્ય કચરાનો રોજે રોજ નીકાલ કરવાનો રહેશે અને ડસ્ટબીન ધોવાના રહેશે

(૩૨) વોસબેઝિન પર હાથ સાફ કરવા લીક્વીડ સોપ તથા હાથ લુછવા રોજેરોજ ધોયેલો નેપકીન મુકવાનો રહેશે.

(૩૩) કેંન્ટીનમા પાણીના પાઉચનુ વેચાણ કરી શકાશે નહી. પીવાના સ્વચ્છ પાણીની વ્યવસ્થા કેંન્ટીનના માલીકે કરવાની રહેશે.

(૩૪) કેંન્ટીનમા તમાકુ કે અન્ય કોઇપણ પ્રતિબંધિત નશીલા પદાર્થોનુ વેચાણ કરી શકશે નહી.

(૩૫) કેંન્ટીનમા ખાધ્ય પદાર્થો નુ સારી રીતે સ્ટૉરેજ કરવાનુ રહેશે. બગડી ગયેલ ખાધ્ય પદાર્થોનો નીકાલ યોગ્ય રીતે કરવાનો રહેશે. ખાધ્ય પદાર્થોની સમયાંતરે ચકાસણી કરવામા આવશે. જો ક્વૉલિટીમાં ખામી જણાશે તો રૂ.૧૦૦૦ દંડ કરવામા આવશે અને વિધાર્થીઓના આરોગ્ય સાથે ચેડા કરવા બદલ કાયદેસરની કાર્યવાહી કરવામા આવશે.

(૩૬) સ્ટૉરેજ રૂમમા ઉંદર તથા અન્ય જીવજંતુના કંટ્રોલ માટે જરૂરી પગલા લેવાના રહેશે. મહીનામા બે વાર (તારીખ ૦૧ અને ૧૬) ઉંદર મારવાની દવા મુકવાની રહેશે.

(૩૭) હાલના તેમજ ભવિષ્યમાં લાગુ થતા તમામ સરકારી નીયમોનુ પાલન કરવાનુ રહેશે.

(૩૮) કેન્ટીન પ્રીમાઈસિસમાં કોઈપણ અઘટીત ઘટના બને તો તેની સંપુર્ણ જવાબદારી કોન્ટ્રાકટરની રહેશે. અને તેવી ઘટનાની જાણ પોલીસને કેન્ટીન કોન્ટ્રાક્ટરે કરવાની રહેશે.

(૩૯) કેન્ટીન પ્રીમાઇસિસમા પ્લાસ્ટીક વેર્સ (પ્લાસ્ટીક ગ્લાસ, પ્લાસ્ટીક કપ,વગેરે)નો ઉપયોગ વર્જીત રહેશે.

(૪૦) સ્ટીલના જ થાળી,વાટકી,ગ્લાસ,વાપરવાના રહેશે. જેની વ્યવસ્થા કેન્ટીન માલીકે કરવાની રહેશે.

(૪૧) કેન્ટીનમા બનાવવામા આવતા તમામ ખાધ્ય પદાર્થ (વિશેષ ડીસીસ) ની જાણકારી મેનુકાર્ડ તથા કેંન્ટીનના નોટીસ બોર્ડ પર મુકવાની રહેશે .

(૪૨) તૈયાર કરેલ ખાધ્ય પદાર્થને ઢાકીને રાખવા જેથી કરીને માખી તથા જીવાત થી સુરક્ષીત રહે તેમજ વાસી થયેલ ખાધ્ય પદાર્થ ફરીથી ઉપયોગ કરવામા ન આવે કે ફરીથી પીરસવામા ન આવે.

(૪૩) ફ્રુટ જ્યુસ વિધાર્થીઓને માટે ઉપલબ્ધ કરવામા આવે.

(૪૪) વિધાર્થીઓ સાથે ઉધારમા વહિવટ કરવાનો રહેશે નહિ અને જો કરવામા આવશે તો એના ભરપાઇ માટે કોલેજ એડમીનીસ્ટ્રેશન જવાબદાર રહેશે નહી.

(૪૫) કેન્ટીનમા છાશ,દૂધ,ઘી ફલેવર્ડ મીલ્ક તથા દૂધની બનાવટો ઉપલબ્ધ કરાવવાની રહેશે

(૪૬) કેન્ટીનના સબ મીટરના યુનીટ મુજબ ૫૦% લાઇટબીલ જે-તે પાર્ટીએ ભરવાનુ રહેશે.

(૪૭) જે પેઢીના ભાવ મંજુર થાય તે પેઢી કેન્ટીન ચલાવ્યા વગર કોઇ કારણસર પોતાનુ કેન્ટીન ટેન્ડર રદ કરાવશે તો તેની ડીપોજીટ જપ્ત કરવામા આવશે. ઉપરાંત દ્વીતીય ક્રમાંકીત ભાડા ધરાવતી પાર્ટી પ્રથમ ક્રમાંકીત ભાડાના મંજુર ભાવે જ કેન્ટીન ચલાવવા સહમત હશે તો દ્વીતીય ક્રમાંકીત પાર્ટીને પ્રથમ પાર્ટીના મંજુર ભાવે આદેશો આપવામા આવેશે અન્યથા ટેન્ડર પ્રક્રિયા ફરીથી કરવામા આવશે.

(૪૮) ગત વર્ષે જેમનુ હાઇએસ્ટ ટેન્ડર હોવા છતા કેન્ટીન ચાલુ કરવા માટે અસમર્થતા બતાવેલ છે. તેવો આ ટેન્ડર ભરી શકશે નહી.

(૪૯) સૌથી વધુ બોલીવાળા ટેન્ડર જો કેન્ટીન ચાલુ કરવા માટે અસમર્થતા બતાવશે તો તેમને આગામી ટેન્ડરમા ભાગ લેવા માટે પ્રતીબંધીત કરવામા આવશે. તેમજ તેમના કારણે ફરીવાર ટેન્ડર પ્રક્રિયા કરવી પડે તો તેનો ખર્ચ તેમની ઇ.એમ.ડી. માથી વસુલ કરવામા આવશે.

(૫૦) સૌથી વધુ બોલીવાળા ટેન્ડર જો કેન્ટીન ચાલુ કરવા અસમર્થતા બતાવશે તો તેમના પછીની તમામ પાર્ટીઓને ક્રમાનુસાર બોલાવવામા આવશે અને તે પૈકિ જે સૌથી વધુ ઓફર જેટલી ઓફર આપવાની સંમતી આપશે તો તેને કેન્ટીન ચલાવવાના આદેશ આપવામા આવશે.

(૫૧) ઈ ક્વાર્ટર્સ (ગર્લ્સ હોસ્ટેલ) કેન્ટીન ખાતે કેન્ટીન સંચાલક સહિત તમામ સ્ટાફ, કામદારો તરીકે મહિલા સ્ટાફ રાખવાનો રહેશે.

(૫૨) ટેન્ડરની શરતોને ધ્યાને લઈ આખરી નિર્ણય કેન્ટીન કમીટીનો રહેશે.

(૫૩) કોઈપણ વિવાદના સંજોગોમાં ન્યાયક્ષેત્ર ભાવનગર રહેશે.

| ક્રમ નં | કેંન્ટીનની વીગત | માસીક ભાડુ(ભાવ) રૂ. |
|---|---|---|
| ૦૧ | ઇ કવાટર્સ હોસ્ટેલ કેન્ટીન (ગર્લ્સ હોસ્ટેલ) | |

27-2-20

DEAN
Medical College
Bhavnagar.
Code No.227

ડીન,
સરકારી મેડીકલ કોલેજ,
ભાવનગર.

ઉપરોક્ત તમામ શરતો મે વાંચી છે અને વાર્ષિક કરાર ડીનશ્રી સરકારી મેડીકલ કોલેજ ભાવનગરનાં ભાવ ભરતા ઉક્ત તમામ શરતો મને માન્ય છે.

બે સાક્ષીની સહી; (પ્રતિષ્ઠીત વ્યકતીઓના)

(૧)................................................

નામ................................................

(૧)................................................

નામ................................................

કોન્ટ્રાકટરની સહી:

નામ:

# ટેન્ડર ફોર્મ સાથે રજુ કરવાના આધારો

## ચેક લિસ્ટ

| ક્રમ | ડોક્યુમેન્ટ | જોડેલ છે ? (હા / ના) | પાના નંબર |
|---|---|---|---|
| ૧ | ટેન્ડર ફોર્મ ફી પેટે ₹ ૫૦૦ /- નો રાષ્ટ્રીય કૃત બેંકનો ડી.ડી. | | |
| ૨ | EMD ની રકમનો ₹ ૭૫૦૦૦/- નો રાષ્ટ્રીય કૃત બેંકનો ડી.ડી | | |
| ૩ | તાજેતરનુ ફુડ એન્ડ ડ્રગ્સ લાઇસન્સ | | |
| ૪ | જી.એસ.ટી. રજીસ્ટ્રેશન અંગેનુ પ્રોપરાઈટરના ફોટાવાળુ ફોર્મ | | |
| ૫ | પાનકાર્ડ | | |
| ૬ | ઈન્કમટેક્ષ રીટર્ન (છેલ્લા ત્રણ નાણાંકિય વર્ષના) | | |
| ૭ | EPF રજીસ્ટ્રેશન | | |
| ૮ | અનુભવનું પ્રમાણપત્ર અને વર્ક ઓર્ડરની નકલો | | |
| ૯ | કંપનીનુ પ્રમાણપત્ર અથવા ભાગીદારીના દસ્તાવેજની નકલ | | |

કોન્ટ્રાકટરની સહી અને સીક્કો

નામ ...............................................